# બં.અ. કૃષિ મહા વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતગર્ત જૈવિક ખાતરો અને જૈવિક નિયંત્રકો અંગેનો વેબીનાર યોજાયો.

**ખેતીમાં રોગ અને જીવાતના નિયંત્રણ માટે કેમીકલની જગ્યાએ ઇકોફ્રેન્ડલી-કુદરતીસ્ત્રોત આધારિત ઉત્પાદકોનો ઉપયોગ કરીને ખેતી ખર્ચ ઘટાડી આવક વધારવા આ.કૃ.યુ.ના કુલપતિશ્રીની અપીલ**

બં.અ. કૃષિ મહાવિધાયલયના અમૃત મહોત્સવની ઉજવણી તથા ભારતવર્ષની આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે આજ રોજ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતગર્ત જૈવિક નિયંત્રકોની સજીવ ખેતીમાં અગત્યતા તથા જૈવિક ખાતરોની ઉપયોગીતા અને વ્યાપારી નફો અંગેના બે વેબીનાર બં. અ. કૃષિ મહાવિધાલય ખાતે તા. ૩૧/૦૮/૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ.

આણંદ કૃષિ યુનિવર્સિટી તથા ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાએ ઓર્ગેનિક ફાર્મીંગમાં પ્રવાહી જૈવિક ખાતર અને જૈવિક નિયંત્રકોની ઉપયોગીતા, જૈવિક કિટનાશકો તથા જૈવિક ફુગ નાશકની અગત્યતા તથા પાક ઉત્પાદનમાં થતી લાભદાયી અસરો વિશે માહિતી આપી હતી. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના દ્રારા માળખાકીય સવલતો પ્રાપ્ત થઇ રહી છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેમજ હાજર રહેલ વિધાર્થીઓને ઉધોગ સાહસિક બની વૈજ્ઞાનિકોના સાથ-સહકાર મેળવી યુનિવર્સિટીની ટેકનોલોજીને ખેડૂતોના લાભાર્થે કામ કરવા આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રીએ કોલેજની સ્થાપના અને દેશની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના સમન્વયે વિધાર્થીઓની હાજરીથી આનંદ વ્યક્ત કરતા જણાવ્યુ કે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં અને ખેડૂતોના વિકાસ કાર્યમાં વિવિધ યોજનાનો લાભ મેળવવામાં આણંદ કૃષિ યુનિવર્સિટી હંમેશા અગ્રેશર રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે જૈવિક ખાતર અને જૈવિક નિયંત્રણ જેવી યોજના એ યુનિવર્સિટીની તાકાત છે અને દેશ-વિદેશમાં આગવુ સ્થાન ધરાવે છે.

ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઓનલાઇન જોડાનાર ખેડૂતો અને વિધાર્થીઓને પ્રદૂષણ નિવારક સજીવ ખેતી અને પ્રાકૃતિક ખેતી સંલગ્ન એવા આજના વેબીનાર દ્રારા ખેડૂતો ખેતી ખર્ચ ઘટાડી પોતાના આવક બમણી કરી શકે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કોલેજના આચાર્ય અને ડીનશ્રી ડૉ. વાય. એમ. શુક્લે વિધાર્થી અને ખેડૂતોને આ પ્રસંગે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, જૈવિક ખાતર અને કીટકોના જૈવિક નિયંત્રણ બાબતે પ્રાથમીક માહિતી તથા તેના ફાયદા વિશે જણાવ્યુ હતુ.

આ પ્રસંગે વિવિધ જૈવિક નિયંત્રણને લગતા પ્રકાશનોનું વિમોચન માન. કુલપતિશ્રી, ડૉ. કે.બી. કથીરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ તેના પ્રચાર અને પ્રસાર માટે વિધાર્થીઓને આહવાન કરવામાં આવ્યુ હતું. આ વેબીનારનું આયોજન ડૉ. આર. વી. વ્યાસ અને ડૉ. એન. બી. પટેલ તથા નિષ્ણાંત વૈજ્ઞાનિકોની ટીમ દ્રારા કરવામાં આવ્યું હતું.



